# રાજ્યમાં કોલ્ડવેવ : નલિયામાં ૩.૨ ડિગ્રી



**રાજ્યમાં બીજા દિવસે ઠંડીનું જોર, નલિયામાં ૩.૨ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડુ શહેર : ઉત્તર ભારત તરફથી ફૂંકાતા ઠંડા પવન : ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતમાં હજુ બે દિવસ સુધી ઠંડીનું જોર વધવાની હવામાન વિભાગની આગાહી**

ગાંધીનગર, તા. ૨૮

ઉત્તર ભારત તરફથી ફૂંકાતા ઠંડા પવનના કારણે ગુજરાતમાં ઠંડી એ સપાટો બોલાવ્યો છે. ગુજરાતમાં ઠંડીમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહીના સતત બીજા દિવસે ગુજરાતના અનેક શહેરોમાં સરેરાશ લઘુતમ તાપમાન નીચે નોંધાયું છે. નલિયામાં તો પારો ગગડીને ૩.૨ ડિગ્રી પહોંચી ગયો હતો. રાજ્યના તમામ મહાનગરોમાં પણ ઠંડીનો ચમકારો અનુંભવાયો હતો.

ગુજરાતીઓ ફરી એકવાર રેકોર્ડબ્રેક ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાથી ગુજરાતમાં ઠંડીનું જોર વધશે. ૨૮થી ૩૦ ડિસેમ્બર સુધી રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડી પડશે, જેમાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં કાતિલ પવનો ફૂંકાઈને ઠંડીનો અહેસાસ થશે. ઉત્તર ગુજરાતમાં વધુત્તમ તાપમાન ૭ ડિગ્રી ઘટવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ૮ ડિગ્રી તાપમાનની શક્યતા બતાવવામાં આવી છે.

ગુજરાતમાં કાતિલ ઠંડીનો ચમકારો બીજા દિવસે પણ યથાવત રહ્યો છે. રાજ્યમાં ૩.૨ ડિગ્રી સાથે નલિયા ઠંડુગાર રહ્યું છે. આજથી ઉત્તર ગુજરાતમાં રેકર્ડ બ્રેક ઠંડી પડવાની હવામાન વિભાગે આગાહી કરી દીધી છે. ડીસામાં ૬.૭ ડિગ્રી તાપમાન, કંડલા એરપોર્ટ પર ૫.૫ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૭.૫, કેશોદમાં ૮ ડિગ્રી, જ્યારે મહેસાણા, પાટણ, બનાસકાંઠામાં બરાબરનો શિયાળો જામ્યો છે. ઉત્તર ભારતમાં હિમવર્ષથી ઠંડીનું જોર વધ્યું છે. અમદાવાદમાં ૮.૩, રાજકોટમાં ૮.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૯.૫, અમરેલીમાં ૧૦ ડિગ્રી, ભુજમાં ૧૦.૨, પોરબંદરમાં ૧૦.૪ ડિગ્રી, ભાવનગર, વડોદરામાં ૧૧.૨ ડિગ્રી, મહુવા અને દીવમાં ૧૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

**ક્યાં કેટલુ તાપમાન**

| શહેર | તાપમાન |
|---|---|
| નલીયા | ૩.૨ |
| કંડલા(એરપોર્ટ) | ૫.૫ |
| ડીસા | ૬.૭ |
| ગાંધીનગર | ૭.૫ |
| કેશોદ | ૮.૦ |
| અમદાવાદ | ૮.૩ |
| રાજકોટ | ૮.૫ |
| ન્યુ કંડલા | ૯.૧ |
| સુરેન્દ્રનગર | ૯.૫ |
| અમરેલી | ૧૦.૦ |
| ભુજ | ૧૦.૨ |
| પોરબંદર | ૧૦.૪ |
| વલ્લભવિદ્યાનગર | ૧૧.૦ |
| ભાવનગર | ૧૧.૨ |
| મહુવા | ૧૧.૫ |
| વેરાવળ | ૧૩.૩ |
| વલસાડ | ૧૩.૪ |


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૮ | ૨૯ ડીસેમ્બર, ૨૦૨૦, મંગળવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આવતીકાલે મંત્રણા માટે ખેડૂતોને તેડું



**નવા કૃષિ કાયદા પર ખેડૂતો અને સરકાર વચ્ચેની મડાગાંઠ યથાવત : ખેડૂત સંગઠનો કૃષિ કાયદાને પાછા લેવાની માગ પર મક્કમ, સરકારે ખેડૂત સંગઠનોને ફરી વાતચીત માટે બોલાવ્યા : આંદોલનના અંતની સેવાતી આશા**



નવી દિલ્હી, તા. ૨૮

નવા કૃષિ કાયદાને લઈને સરકાર અને ખેડૂત સંગઠનોની વચ્ચેની મડાગાંઠ હજુ ઉકેલાઈ નથી ખેડૂત સંગઠનો કૃષિ કાયદાને પાછા લેવાની માગ પર મક્કમ છે, જ્યારે સરકાર વારંવાર વાતચીત માટે કહી રહી છે આ દરમિયાન સરકારે ખેડૂત સંગઠનોને ૩૦ ડિસેમ્બરે ફરી એક વખત વાતચીત માટે આમંત્રિત કર્યા છે.

કૃષિ મંત્રાલયના સચિવ સંજય અગ્રવાલે સંયુક્ત કિસાન મોરચાને પત્ર લખીને વાતચીત માટે આમંત્રિત કર્યા છે. અગ્રવાલે પત્રમાં લખ્યું કે, 'સંયુક્ત કિસાન મોરચા તરફથી ૨૬ ડિસેમ્બરે મોકલાયેલા ઈમેલમાં ખેડૂત સંગઠનના પ્રતિનિધિઓ અને ભારત સરકાર સાથે આગામી બેઠક માટે સમય સૂચિત કરાયો છે. અનુરોધ છે કે, ૩૦ ડિસેમ્બર ૨૦૨૦એ બપોરે ૨ વાગ્યે વિજ્ઞાન ભવનમાં કેન્દ્રીય મંત્રી સ્તરીય સમિતિની સાથે સર્વમાન્ય સમાધાન હેતુ બેઠકમાં ભાગ લે.'

કેન્દ્ર સરકાર તરફથી લખાયેલી પત્રમાં કહેવાયું છે કે, બેઠકમાં ત્રણ કૃષિ કાયદા અને એમએસપીની ખરીદ વ્યવસ્થાની સાતે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (એનસીઆર) અને આસપાસના ક્ષેત્રોમાં વાયુ ગુણવત્તા મેનેજમેન્ટ માટે વટહુકમ, ૨૦૨૦ તેમજ વિદ્યુત સંશોધન બિલ, ૦૨૦માં

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- રાષ્ટ્રપતિના હેલીકોપ્ટર કાફલાના મુખ્ય પાયલોટ કોરોનાથી સંક્રમિત.
- વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, જામનગરને ઈ-બસથી કનેક્ટ કરાશે.
- જીટીયુની ઓફલાઈન પરીક્ષા ૧લીથી શરૂ થશે.
- પાલનપુર સિવિલમાંથી ગ્રીલ તોડી કેદી ફરાર.
- દેશમાં કોરોનાથી રીકવરનો આંક ૯૫.૮૨ ટકાએ પહોંચ્યો.
- પાકિસ્તાનમાં બલોચ વિદ્રોહીઓએ સેના પર હુમલો કર્યો : સાત જવાનોના મોત
- ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહની તબીયત લથડતા દૂન મેડીકલ કોલેજમાં ખસેડવામાં આવ્યા.
- પૂજા દેવીએ કાશ્મીરની પહેલી મહિલા બસ ડ્રાઈવર બની રચ્યો ઈતિહાસ
- શેરબજારમાં તેજી, સેન્સેક્સમાં ૩૮૦ પોઈન્ટનો ઉછાળા સાથે થયું બંધ

# ૨૦૨૫ સુધીમાં ૨૫ શહેરોમાં મેટ્રો રેલ દોડાવાનું લક્ષ્ય : મોદી

**દેશની પ્રથમ ડ્રાયવર લેસ મેટ્રો ટ્રેનની શરૂઆત : જનકપુરી પશ્ચિમથી બોટનિકલ ગાર્ડન સુધી મેટ્રોના ૩૭ કિલોમીટર લાંબી મેજેંટા લાઈન ઉપર સુવિધા શરૂ કરાઈ**



નવી દિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની પ્રથમ ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેનની શરૂઆત દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કરી છે. આ સાથે જ તેમણે એરપોર્ટ એક્સપ્રેસ લાઈન અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (એનસીએમસી) સેવાની પણ શરૂઆત કરી છે. આ કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. જનકપુરી પશ્ચિમથી બોટનિકલ ગાર્ડન સુધી મેટ્રોના ૩૭ કિલોમીટર લાંબી મેજેંટા લાઈન પર આ સુવિધા શરૂ કરવામાં આવી છે.

ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેનનું ઉદ્‌ઘાટન કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, પહેલી ડ્રાઈવરલેસ મેટ્રોનું ઉદ્‌ઘાટન દર્શાવે છે કે ભારત સ્માર્ટ સિસ્ટમ તરફ કેટલી ઝડપથી અગ્રેસર બની રહ્યું છે. ૨૦૨૫ સુધી ૨૫ શહેરમાં મેટ્રો દોડાવવાનું લક્ષ્ય છે.

ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેનને લીલી ઝંડી બતાવતાં પીએમ મોદીએ કહ્યું કે, આજથી ત્રણ વર્ષ પહેલા મજેન્ટા લાઈનની શરૂઆત થઈ હતી. હવે આ લાઈન પર ડ્રાઈવરલેસ મેટ્રોની શરૂઆત થઈ રહી છે. દેશ ભવિષ્યની જરૂરિયાતો માટે કામ કરી રહ્યું છે. થોડા સમય પહેલા ભ્રમની સ્થિતિ બનેલી હતી, પરંતુ કોઈ ભવિષ્યની તૈયારી નહોતી. જેના કારણે શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ડિમાન્ડ સામે સપ્લાયમાં ઘણું અંતર આવ્યું. શહેરીકરણને પડકાર માનવામાં આવે અને અવસર તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે.


જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગર

## પ્રથમ પુણ્યતિથિએ સ્નેહભરી સ્મરણાંજલિ

પામો આપ પરમ સમાધિ

પામો આપ મોક્ષ ગતિ



: જન્મ : તા. ૯/૧/૧૯૩૨

: અરિહંત શરણ : તા. ૨૯/૧૨/૨૦૧૯

**સૂર્યકાંત આર. મહેતા, IAS (Retd.)**
જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના સ્થાપક પ્રમુખ

આદર્શ સુશ્રાવક, કુશળ વહીવટકર્તા, વ્યવહાર દક્ષ, ઉત્તમ દાનભાવના, ઉત્કૃષ્ટ આતિથ્યભાવ, ઉત્તમોત્તમ વૈયાવચ્ચ, વિચક્ષણ, ધર્મપ્રેમી, પરમાર્થી, ઉત્તમ ગુરૂભક્તિ, શાસન સમર્પિત, નિરાભીમાની, પ્રમાણિક અધિકારી, દીર્ઘદ્રષ્ટા, દ્રઢ નિશ્ચયી એવી અનેક લાક્ષણિકતાઓથી સભર આદરણીય, મુરબ્બી - વડિલ સ્વ. સૂર્યકાંત મહેતા સાહેબની આજે પ્રથમ વાર્ષિક પુણ્યતિથી છે. અમારા જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના સ્થાપક પ્રમુખ તરીકે ૧૯૮૨ થી અંતકાળ સુધી ગૃપનું તેઓએ જે જતન કર્યુ છે, ગૃપને જે રીતે ધબકતું રાખ્યું છે, સમસ્ત જૈન સમાજ, ગાંધીનગરને એક તાંતણે બાંધવાનું જે ભગીરથ કાર્ય કર્યુ છે, જે અમારા માટે ચિરસ્મરણીય બની રહેશે. તેમના નેતૃત્વમાં ગૃપે માત્ર ગાંધીનગર જૈન સમાજમાં જ નહિ, પરંતુ ગાંધીનગરની આગવી સામાજિક સંસ્થાઓમાં અનોખું સ્થાન મેળવ્યું છે. આજે ગૃપ તેના નિયત્રીત કાર્યક્રમો ઉપરાંત અનેકવિધ સામાજીક કાર્યો કરી રહ્યું છે.

આપનું જીવન અમને સદાય પ્રેરણા આપે, આપનો શાશ્વત પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં તેને જિન શાસનનું શરણ મળે અને સર્વ કર્મોનો નાશ કરી આપ મોક્ષગામી બનો એજ પ્રભુ મહાવીર પાસે મંગલ પ્રાર્થના સહ...

### શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરતાં આપના..

#### જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગર વતી

| | | |
|---|---|---|
| મધુસુદન વોરા | કૌશિક જે શાહ | ભરત કોટડીયા |
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |

#### જૈન સોશ્યલ ગૃપ, ગાંધીનગરના પૂર્વ પ્રમુખો

| | | |
|---|---|---|
| ડો. ડી. પી. શાહ | શ્રી જે. બી. શાહ | શ્રી આર. ડી. ગાંધી |
| શ્રી શાંતિભાઈ વોરા | શ્રી કિરણભાઈ વસા | શ્રી અરવિંદભાઈ એન. શાહ |
| શ્રી મહેન્દ્રભાઈ એમ. શાહ | શ્રી કમલ કિશોરજી જૈન | શ્રી મેહૂલભાઈ દોશી |
| ડો. દિપકભાઈ મહેતા | ડો. બી. કે. જૈન | શ્રી પારસભાઈ સંઘવી |
| શ્રી અરવિંદબાઈ જી. દોશી | શ્રી હિમાંશુ બુચ | શ્રી વી. બી. શાહ |
| ડો. પી. કે. શાહ | ડો. આરતીબેન બુચ | |
| ડો. ગિરીશભાઈ શાહ | શ્રી હિતેષભાઈ કોઠારી | સ્વ. જયંતિભાઈ પારેખ |
| સ્વ. જયસુખભાઈ ઝાટકીયા | સ્વ. લક્ષ્મીચંદ ચી. શાહ | સ્વ. રસિકલાલ એન. મહેતા |

#### સંગીની ફોરમ, ગાંધીનગર

| | | |
|---|---|---|
| શ્રીમતી નિતીકાબેન એ. શાહ | શ્રીમતી નિનાબેન જે. ઝાટકીયા | શ્રીમતી જાગૃતિબેન પી. સંઘવી |
| | શ્રીમતી વીણાબેન પી. વોરા | |

#### જૈન સોશ્યલ ગૃપ, મેમ્બર્સ

| | | |
|---|---|---|
| શ્રી હેમેન્દ્રભાઈ જે. શાહ | શ્રી ધવલ સી. શાહ | શ્રી શોદનભાઈ કે. ગાંધી |
| શ્રી ગિરીશભાઈ ટી. ઝાટકીયા | શ્રી દેવાંગ સી. શેઠ | શ્રી ચેતનભાઈ એચ. શાહ |
| શ્રી નિલેશ શાહ | શ્રી ભદ્રેશ સી. શેઠ | શ્રી તુષારભાઈ એન. શાહ - C.A. |
| શ્રી રીતેષ શાહ | શ્રી બિરેનભાઈ ડી. શાહ | શ્રી અનિત કે. મહેતા |
| શ્રી સંજય શાહ (મનુભાઈ મેડીકલ) | શ્રી નિરજ પી. દોશી | શ્રી ભરતભાઈ સોમચંદ શાહ |

શ્રી સૂર્યકાંત રતિલાલ મહેતા પરિવાર







# દેશની વર્તમાન સ્થિતિ આઝાદી પહેલાં જેવી થઈ છે : સોનિયા

**કોંગ્રેસના ૧૩૬૭માં સ્થાપના દિવસની ઉજવણી**

નવી દિલ્હી, તા. ૨૮

કોંગ્રેસ પાર્ટી પોતાનો ૧૩૬મો સ્થાપના દિવસ મનાવી રહી છે. આ અવસર પર કોંગ્રેસની વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધીએ દાવો કર્યો છે કે દેશમાં વર્તમાન પરિસ્થિતિઓ આઝાદીના પહેલાની માફક છે અને તાનાશાહી તાકાતોથી દેશને બચાવવા માટે બધાએ એક થવું પડશે. પાર્ટી તરફથી જાહેર એક વિડીયોમાં સોનિયાએ એ પણ કહ્યું કે, કોંગ્રેસને દરેક મોરચે મજબૂત બનાવવાની જરૂર છે.

સોનિયા ગાંધીએ આઝાદીના આંદોલન અને દેશના વિકાસમાં કોંગ્રેસના યોગદાનનો ઉલ્લેખ કર્યો અને એ દાવો કર્યો કે, આજે ફરીથી પરિસ્થિતિઓ આઝાદીની પહેલા જેવી છે. જનતાના અધિકારો છીનવવામાં આવી રહ્યા છે. ચારેય બાજુ તાનાશાહી છે. લોકશાહી અને સંવૈધાનિક સંસ્થાઓને ખત્મ કરવામાં આવી રહી છે. બેરોજગારી ચરમ પર છે. ખેતરો પર હુમલો કરવામાં આવી રહ્યો છે. દેશના અન્નદાતા પર કાળા કાયદા થોપવામાં આવી રહ્યા છે.''

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષે કહ્યું કે, આવામાં આપણી જવાબદારી બને છે કે આપણે એકવાર ફરી દેશને તાનાશાહી તાકાતોથી બચાવીએ અને તેમની સામે ટક્કર લઈએ. આ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.